# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૯/ક્વા-૩/૧૯-૨૦/૬૦૫-૨** **તા.29.0૧.૨0૨0**

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૧૯/ક્વા-૩/૧૯-૨૦**

અરજદાર: ભાવેશ ભીમજીભાઈ હિરપરા ગામ: ભંગડા
રજૂઆત કરનાર: અરજદાર ભાવેશ ભીમજીભાઈ હિરપરા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – જસદણ
રજૂઆત કરનાર: કાર્યવાહક કાર્યપાલક ઇજનેર શ્રી એચ.બી.રાખોલિયા પીજીવીસીએલ વિભાગીય કચેરી – જસદણ

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૨-૦૧-૨૦૨૦ (બુધવાર )

૧.0 સદર કેસની સુનાવણી તા. ૧૭-૧૨-૨૦૧૯ ( મંગળવાર ) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદાર ગેર હાજર રહેલ હતા. જયારે પીજીવીસીએલ પક્ષકાર તરફથી કાર્યવાહક કાર્યપાલક ઇજનેર શ્રી એચ.બી.રાખોલિયા પીજીવીસીએલ વિભાગીય કચેરી – જસદણ હાજર રહેલ હતા. ત્યારબાદ સદર કેસની સુનાવણી તા. ૨૨-૦૧-૨૦૨૦ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.0 **અરજદાર ભાવેશભાઈ ભીમજીભાઈ હિરપરા ગામ -ભંગડા તેઓની અરજીના નોંધણી નં: ૧૯/ક્વા-૩/૧૯-૨૦ માં જણાવે છે કે** તેઓ ભંગડા ગામ ના સર્વે નંબરઃ ૫૩ માં ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૪૮૫૬/૦૫૦૪૮/૬ થી **ભીમજીભાઈ વશરામભાઈ હિરપરા** ના નામે વીજજોડાણ ધરાવે છે. જેમાં **ભાવેશભાઈ ભીમજીભાઈ હિરપરા** ના નામે નામ બદલી ની અરજી આધાર–પુરાવા સાથે રજુ કરતા જણાવેલ કે – તેઓના દાદા **વશરામભાઈ રણછોડભાઈ** ના નામે ગામ -ભંગડા ખાતે અન્ય ખેતીવાડી વીજજોડાણ નં.:૩૪૮૫૬/૦૫૦૨૦/૬ માં રૂ.૮,૦૦૦/– ભરપાઈ કરવાના બાકી છે, જેથી પીજીવીસીએલ દ્વારા સદર અરજીનુ રજીસ્ટ્રેશન કરાયેલ નથી.

જે બાબતે નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૩૦ મા કરાયેલ જોગવાઈ મુજબ ન્યાય મેળવવા માટે **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

**3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- સરધાર પેટા વિભાગીય કચેરી ના અરજદાર શ્રી ભાવેશભાઈ ભીમજીભાઇ હિરપરા, મુ.પો. ભંગડા, તા.જી- રાજકોટ,સદર અરજદારશ્રીનું વીજ જોડાણ નામ બદલી શ્રી ભિમાભાઈ વશરામભાઇ હિરપરા માંથી શ્રી ભાવેશભાઈ ભીમજીભાઇ હિરપરા નું નામ કરવા અરજી કરેલ છે. જેમાં વીજ જોડાણ નું નામ બદલી માટે સપ્લાય કોડ ૨૦૧૫ મુજબ વિભાગ -૪ માં નવું વીજ જોડાણ આપવાની કાર્યપધ્ધતિ અને ચાલુ જોડાણ માં સુધારા ની કલમ નંબર ૪.30 મુજબ “નો ડ્યુ પ્રમાણપત્ર” આપવામાં આવે છે. ત્યાર બાદ જ અરજદાર ની અરજી બાબતે આગળની કાર્યવાહી કરવામાં આવે છે.**

**3.૧ સપ્લાય કોડ ૨૦૧૫ મુજબ વિભાગ -૪ માં નવું વીજ જોડાણ આપવાની કાર્યપધ્ધતિ અને ચાલુ જોડાણ માં સુધારા ની કલમ નંબર ૪.30 માં જણાવેલ છે કે “નવા જોડાણ , પુનઃજોડાણ, વીજ ભાર માં વધારો કે ઘડાડો, નામમાં ફેરફાર અથવા કોઈ જગ્યા માટે સર્વિસ લાઇન ખસેડવા માટેની અરજી, તે જગ્યાના સંબંધીત કોઈ લેણા અથવા અરજદાર દ્વારા વિતરણ પરવાનેદારને વિતરણ પરવાનેદારના અધિકાર ક્ષેત્રમાં કોઈપણ જગ્યાએ તેના નામે રાખેલ બીજા કોઈ સર્વિસ જોડાણ ના સંબંધમાં કોઈ બાકી રકમ, ચૂકવવામાં આવશે નહીં, ત્યાં સુધી પરવાનેદાર દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહીં. પરંતુ નવા અરજદાર પાસેથી અગાઉના લેણાં વસૂલ કર્યા પછી જોડાણ આપવામાં આવે તેવા કેસમાં અને યોગ્ય કાનૂની ઉપાય પ્રાપ્ત થયા પછી પરવાનેદારને તે જગ્યા અગાઉના ગ્રાહક/માલિક પાસેથી કે કબજેદાર પાસેથી બાકી નીકળતી પૂરેપુરી કે આંશિક રકમ મળે તે કેસમાં, આવી બાકી નીકળતી રકમ વસૂલ કરવાના ખર્ચ સરભર કર્યા પછી જેની પાસેથી બાકી રકમ વસૂલ કરવામાં આવી હોય તે નવા ગ્રાહક/ માલિક કે કબજેદારને રકમ પાછી અપાશે.”**

**3.૨ ઉપરોક્ત બાબતે “નો ડ્યુ પ્રમાણપત્ર” ની પ્રોસેસ દરમ્યાન અરજદારના દાદાશ્રી વશરામભાઈ રણછોડભાઈ હિરપરા, જેનો વીજ જોડાણ નંબર ૩૪૮૫૬/૦૫૦૨૦/૬ છે, જેના વીજબીલના લેણા રૂ. ૮૦૦૦ બાકી છે. માટે,સપ્લાય કોડ ૨૦૧૫ મુજબ વિભાગ -૪ માં નવું વીજ જોડાણ આપવાની કાર્યપધ્ધતિ અને ચાલુ જોડાણ માં સુધારા ની કલમ નંબર ૪.30 મુજબ અરજદાર શ્રી ભવેશભાઇ ભીમજીભાઇ હિરપરા તેમના દાદાશ્રી વશરામભાઈ રણછોડભાઈ હિરપરા ના સીધી લીટીના વારસદાર હોય માટે અરજદાર નું અધિકારક્ષેત્રમાં કોઈપણ જગ્યાએ તેના નામે રાખેલ બીજા કોઈ સર્વિસ જોડાણ ના સંબંધમાં કોઈ બાકી રકમ, ચૂકવવામાં આવશે નહીં, ત્યાં સુધી અરજદાર ની અરજી ધ્યાનમાં લેવામાં નહીં આવે.**

3.3 પીજીવીસીએલ પક્ષકાર દ્વારા મૌખીક જણાવેલ કે – અરજદાર શ્રી ના **દાદાશ્રી વશરામભાઈ રણછોડભાઈ હિરપરા, જેનો વીજ જોડાણ નંબર ૩૪૮૫૬/૦૫૦૨૦/૬ છે, જેના વીજબીલના લેણા રૂ.૭૨૦૦ બાકી હતા.** જે તા.૦૯–૦૧–૧૯ ના રોજ ઓનલાઈન ભરી આપેલ છે. જેથી – અરજદારની નામ બદલી ની અરજીની નોંધણી સત્વરે કરી આપવાની ખાત્રી આપેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે સદર કેઈસની સુનાવણી તા.૧૭–૧૨–૧૯ ના રોજ રાખવામા આવેલ હતી. જેમા – અરજદાર ગેરહાજર રહેલ હતા. અરજદારની રજુઆત અને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ લેખીત રજુઆત તા.૧૧–૧૨–૧૯ અન્વયે – ફોરમ કમિટી દ્વારા નીચે મુજબ નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર **શ્રી ભાવેશભાઈ ભીમજીભાઇ હિરપરા, મુ.પો. ભંગડા, તા. જી- રાજકોટ** ની રજુઆત અન્વયે – સર્વે નંબરઃ ૫૩ માં ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૪૮૫૬/૦૫૦૪૮/૬ થી **ભીમજીભાઈ વશરામભાઈ હિરપરા** ના નામે વીજજોડાણ ધરાવે છે. અરજદારના પિતાશ્રીનુ અવસાન થતા – સદર વીજજોડાણમાં નામ બદલી કરવા

બાબતે – જરૂરી આધાર–પુરાવા અને સંમતીપત્ર પેટા વિભાગીય કચેરી સરધારમાં રજુ કરતા – પેટા વિભાગીય કચેરીના પત્ર તા.૨૫–૦૯–૧૯ થી જણાવેલ કે અન્ય વીજજોડાણ વશરામભાઈ રણછોડભાઈ જે ખેતીવાડી ગ્રાહક નં.– ૩૪૮૫૬/૦૫૦૨૦/૬ પેટે રૂ.૮,૦૦૦/– નુ વીજબીલ બાકી હોય – જે ભરપાઈ કરવા અન્યથા – વીજજોડાણ કાપવાની કાર્યવાહી કરવામા આવશે. તેમજ – ઉપરોકત પેરાનં.– ૩.૦ થી ૩.૨ મુજબ – સપ્લાય કોડ ૪.૩૦ અન્વયે અરજદાર તેમના દાદા શ્રી વશરામભાઈ રણછોડભાઈ હિરપરાના સીધીલીટીના વારસદાર હોય – જે અન્વયે બાકી લેણી રકમ ચુકવવામા નહી આવે ત્યા સુધી અરજદારની અરજી ધ્યાનમાં લેવામા નહી આવે.

૪.૨ સદર કેઈસ મા, મુદદા નં. ૪.૧ મુજબ ની વિગતે – સપ્લાયકોડ નં.– ૦૪/૨૦૧૫ ના મુદદા નં . ૪.૩૦ મા કરાયેલ જોગવાઈ મુજબ – અરજદારની સદર જગ્યાની એટલેકે ગામ– **ભંગડા, તા. જી- રાજકોટ ના સર્વે નંબરઃ ૫૩ માં** આવેલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૪૮૫૬/૦૫૦૪૮/૬ અન્વયે કોઈ લેણી રકમ બાકી હોય તેમજ અરજદારના નામે પીજીવીસીએલના કાર્યક્ષેત્રમાં અન્ય જગ્યાએ કોઈ બાકી લેણી રકમ હોય – તેવા આધાર–પુરાવા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – ફોરમ સમક્ષ રજુ કરાયેલ નથી. સદર સંજોગોમાં અરજદાર **શ્રી ભાવેશભાઈ ભીમજીભાઇ હિરપરા** ની સર્વે નંબરઃ ૫૩ માં ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૪૮૫૬/૦૫૦૪૮/૬ માં નામ બદલી ની અરજી નિયમાધીન અટકાવી શકાય નહી. જેથી અરજદારની નામ બદલી બાબતેની યોગ્ય કાર્યવાહી કરવા – પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામા આવે છે. સદર બાબતે કરાયેલ કાર્યવાહીનો લેખીત અહેવાલ – અત્રેના ફોરમને દિન–૧૦ મા રજુ કરવા પીજીવીસીએલ પક્ષકાર ને જણાવવામા આવે છે.

વધુમાં પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૩૦ મા કરાયેલ જોગવાઈનુ ખોટુ અર્થઘટન કરીને અરજદારની નામ બદલી ની અરજીની નોધણી કરાયેલ ન હોય – જેથી સદર વિલંબ બાબતે – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૧૦/૨૦૦૫ મા કરાયેલ જોગવાઈ મુજબ જવાબદાર અધિકારી / કર્મચારી સામે યોગ્ય શિક્ષાત્મક કાર્યવાહી કરવા સુચના આપવામા આવે છે.

૪.૩ ઉપરોકત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૪ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| **(કે. જે. મોટાણી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |

**નોંધ:**

**(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.**

**(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.**

**(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯**